|| ॐ શ્રી સાઈરામ ||

|| ॐ શ્રી સાઈ આપસ્તમ્બસૂત્રાય નમ: || (૨૬)

## આપસ્તમ્બ શાખામાં જન્મ લેવાવાળા શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

પેદવેકપ્પા રાજુએ ક્રોધમાં ઉગામેલી છડી તેમના હાથમાંથી પડી ગઈ. હા! આવું જ થયું. જેમને તે કેવળ પોતાનો પુત્ર સત્યનારાયણ સમજતા હતા, તેણે ચમત્કાર શરૂ કર્યા ત્યારે જે ભીડ તેમના પુત્રની આસપાસ થઇ હતી, તેનાથી અત્યંત ક્રોધિત થયેલા પેદવેકપ્પા રાજુ ભીડમાંથી માર્ગ કાઢતા સત્યનારાયણની સામે ગયા અને ક્રોધમાં તેમના હાથમાંની છડી ઉગામતા બોલ્યા - "બોલ, કોણ છે તું?" ત્યારે શાંત સ્વરમાં સત્યનારાયણે ઉત્તર આપ્યો-"હું સાઈબાબા છું. ગોત્ર ભરદ્વાજ, આપસ્તમ્બ સૂત્ર શાખા!"

ભરદ્વાજ ગોત્રમાંની આપસ્તમ્બ સૂત્ર શાખામાં શ્રી સાઈએ તેમનો બીજો અવતાર લીધો છે. પહેલો શિરડી અવતાર પણ આ જ ગોત્રમાં થયો હતો.

જે આપસ્તમ્બ ઋષિએ ધાર્મિક વિધિ અને આચારનો અર્થ સમજાવતો ગ્રંથ એટલે (સૂત્ર) લખ્યો તથા અનેક વર્ષ તપશ્ચર્યા (તપ) કરીને પ્રત્યક્ષ શિવનું દર્શન પ્રાપ્ત કર્યું. તેમને આપેલા વર પ્રમાણે ભરદ્વાજ ગોત્રમાંની આપસ્તમ્બ સૂત્ર (વરદાન) શાખામાં શિવશક્તિએ 'સત્યસાઈ'નો અવતાર લીધો.

આ પૂર્વે પણ અનેક અવતારોએ ઋષિને ઘરે અથવા કુળમાં જન્મ લીધો છે. જેવી રીતે શ્રી વિષ્ણુએ પરશુરામ અવતાર જમદગ્નિ ઋષિના ઘરમાં લીધો. તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશે  જ્યારે પૃથ્વી પર સાથે અવતાર લેવાનું નક્કી કર્યું. ત્યારે તેમણે અત્રિ ઋષિ અને અનુસયા માતાને પસંદ કર્યા. અને શ્રી ગુરૂદેવ દત્તાત્રેયનો અવતાર થયો. તેમાં બ્રહ્મા આગળ જતા ચંદ્ર બન્યા. મહેશ એ દુર્વાસા થયા અને શ્રીવિષ્ણુદત  સ્વરૂપમાં અત્રિ ઋષિના આશ્રમમાં અધ્યયન કરવા માટે રહ્યા. આ ત્રિમૂર્તિ અવતાર વિશ્વને જ્ઞાન અને ભક્તિ માર્ગ ઉપર લાવીને અધ્યાત્મિક ઉન્નતિ કરવા માટે થયો હતો.

સાંપ્રતના શ્રી સત્યસાઈ અવતાર આ સમસ્ત વિશ્વને સત્ય, ધર્મ, શાંતિ,પ્રેમ અને અહિંસાનું શિક્ષણ આપવા માટે ( મૂલ્ય સમજાવવા માટે) અને તેમાંથી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ મેળવી દેવા માટે થયો છે.

||ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ||